# વરસાદ વિલાપ.



રચનાર તથા પ્રસિદ્ધ કરનાર

કેશવલાલ ત્રીભોવન દેસાઈ. તથા શેઠ હરિલાલ

અમરતલાલ—કપડવંજ.

કપડવંજ મિત્ર મંડળ મુદ્રાલયમાં

મુદ્રાંકિત કર્યો.

પ્રત. ૧૦૦૦

સન ૧૮૯૯ સંવત ૧૯૫૫

કીંમત એક આનો.

પટેલ બેચરલાલ બહેચરદાસ—કપડવંજ.

# ( અર્પણ પત્રિકા )



## રા૦ રા૦ વાડીભાઇ લીંબાભાઇ

મ્હારા અખંડ કૃપાળુ અને માનવંતા શેઠ સાહેબ આપ સુનિતિ અને સદા ચારની વહીથરી ઇચ્છોછો તેવીજ રીતે આ દુકાળના વખતમાં અન્નવિના ભુખે મરતા ગરીબોની અને ઘાસ વિના રીબાતાં જનાવરોની પૂરતીરીતે સંભાળ રાખશો એવી આશા રાખુંછું ને તેથી આ વરસાદ વિલાપનું પુસ્તક આપનેજ સમર્પણ કરૂંછું તે કૃપાકરી સ્વીકારશોજી

કપડવંજ — આભારીસેવક

રણુદેવના સામી ખડકી — દેસાઇ કેશવલાલ ત્રીભોવનદાસ તથા તેમને મદદ કરનાર શેઠ હરિલાલ અમૃતલાલની દુકાને ઠે૦ શેઠવાડામાં

# વરસાદ વિલાપ.

(ભુજંગી છંદ)

પ્રભુ પ્રાણદાતા તને પાય લાગુ, નમુ હસ્ત જોડી મુઃખે મેઘ માગુ;
ભલે સરસ્વતિ તુ પ્રભુ આપનારો, નથી હું કવિ છું સદાદાસ તારો.
અતિ છે મતિ મુજમાં નહિ જરાએ, તમે તો પ્રભુછો ત્રિભુવન રાયે;
ખરો દાસને આશરો છે તમારો, નથી હું કવિ છુ સદા દાસ તારો.
શીખ્યો હું માણેકલાલ કવિના પ્રતાપે, ગયા બાળવયમાં સ્વધામે તેઆપે.
હતો એક હિરા સમો મીત્ર મારો, નથી હું કવિ છું સદા દાસ તારો.
જરા જો કમી દ્રષ્ટિ ત્હારી જણાયે, કરૂં અન્ય ઉપાય બીજા ઘણાયે,
પરંતુ ન તેથી વળેદિ‌ા મ્હારો, નથી હું કવિ છું સદા દાસ તારો.
ગહન છે ગતિ તાહરી તો પિતાજી, કૃપા દ્રષ્ટિથી દાસ રહે રાજી રાજી
કરોડો મને તે કીધા ઉપગારો, નથી હું કવીછુ સદા દાસ તારો.
સજ્જન કહ્યું માનશે સત્ય જાણી, અદેખા મૂખે બોલશે ક્રૂરવાણી;
પરંતુ સદા સત્યનો જય થનારો, નથી હું કવિ છું સદા દાસ તારો.

પ્રભુ તું નજરથી થયા રંક રાયે, કવિથી નવી વારતાઓ રચાઅ;
જાણે દાસ કેશવ અરજ ઉરધરો, નથી હું કવિ છું સદા દાસ વારો.

### દોહરો

મેઘ રૂઠયાથી મુજને, શોક ઉપન્યો મન;
એથી આ પુસ્તક રચ્યું, વાંચો સહુ સજ્જન.

### ( લલીત છંદ )

અરરર ઓ પ્રભુ કોપ શું કર્યો, -હૃદય રોશથી કેમ તેં ભર્યો,
અહિટ વ્રષ્ટિની વાટ જોઇ રહી, ક્રોધ છાંડીને આવજે અહીં.
અગ્નિ આંખથી કેમ તું ખશો, -હૃદયની દયા કયાં જઇ વશી;
ઘાસના વિના ગાયો તરફડે, ત્રાસ જોઇને રાંકડા મરે.
પ્રેમ રાખીને સ્નેહમથી તમે, મેઘરાયજી આવો આ સમે;
પશુ પક્ષીઓ ટળવળે બહુ, મરણ પામશે જળ વિના સહુ.
જેઠ માસમાં વ્રષ્ટિ તેં કરી, તે પછી તને જોયો નાં ફરી;
કોપ કારમો કેમ આદર્યો, ચાર ખંડમાં કયાં તું ઊતર્યો.
માફ કર પ્રભૂ પાય લાગીયે, અરજ ઊચરી મ્હેર માગીએ;
દોષ તાહરો પારતિ નથી, કેર સ્રષ્ટિમાં થાયછે અતિ.
ઉંચ દુર્જને ભ્રષ્ટ થઇ ગયા, મધ્ય માટીમાં લિન થઇ રહ્યા;
જાર ચોરીના ઘાટમાં ફરે, તોય તે બધું સેન તું કરે.
દુખ પડયો, હવે હારીયા સહુ, અરરર ગેપજી શું જીભે કહું;

પ્રાણી માત્ર હોય પાપનું ભર્યું, ના ઘટે તને આમ આદર્યું.
રંક લોકની રોજીઓ ગઇ, મોંઘ વારીઓ ચાલતી થઇ;
લાવે કાષ્ટની માથે ભારીઓ, વૃક્ષ કાપીને ઠાઠ વાળીઓ.,
જળચરો બળી રાખ થઇ ગયાં, જુજ જીવડાં જીવતાં રહ્યાં.
આ તળાવમાં શંખલા ઉડે, માછલાં દુઃખે વાણીઆ રડે.
કોસ ચાલતા ગામડે કર્યા, પણ સરોવરો જાય સેં ભર્યાં;
તોયનું હજી જાય છે ખશ્યો, દિલ દયા તજી કયાં જઇ વસ્યો.
દુઃખ દુઃખ દુઃખ દુઃખ છે અતિ, રહિન સુખની આશ પારૂતિ;
કે'ર હાવડો કેમનું કરે, ક્રોધ કાળજે શીદને ભરે,
એહુનો વિલે મુખથી ફરે, ફીકર ઢોરની દિલ બહુ ધરે;
તેમની હવે લાબ્ય તું દયા, ભાદ્ર માસના માસએ ગયા.
તાપ જોરથી તાપણી થઇ, વાવણી સહુ ધુળમાં ગઇ;
સૂર્ય (?)ની લાય છે બધે, લૂંટ ધાડની બુમ બહુ વધે.
કોડ (?) ધાન ના થયું, બી બધું બળી રાખ થઇ ગયું.
ખેતરો હવે ખાવા ધાયરે, મેઘ તું વિના જીવ જાયરે.
બળદ બાપડા ઝાંખરાં થયાં, ઘાસના વિના લોહી ઉડી ગયાં;
હાડકાં દિસે અંગમાં બહુ, શામ ચામડી થઇ ગઇ સહુ.
અધર્મ જગતમાં જન જે કરે, તેહ મેઘનું દીલશું ધરે;
મેઘ લાકુની ઉજાણીઓ કરી, તોય તેં દયા દીલ ના ધરી.
રાત્રિએ દિસે તારાએ બહુ, તેજ જોઇને વિષ્મ થઈ રહું;

ભેખ માગવા શહેરમાં ફરે, બાપરા દુઃખે વેશ બહુ કરે.
કરણુંને નમી કરગરે અતિ, આપ બાપનું ખાવાને નથી;
મેઘરાયના ભિક્ષુકો અમે, ધાન રોટલો આપજો મને.
વાર ભોમને માસ આઠમો, પ્રથમ તારીખે જોયો આ સમો;
અઢાર બે નવે સાલ જાણજે, મેઘવિનતી ઉર આણજે.

## (માલની)

અરરર અરરર ઓ મેઘ, જગતમાં શું કર્યું આ;
જરૂર જરૂર માર્યા, રે અમોને તમે ધા. ૧
નહિ નહિ નહિ ભાગે, ખોટ આ વૃષ્ટિ કેરી;
કયમ કયમ કયમ, બનીયા, નાથ આપે નમેરી. ૨
સહુ સહુ માહુ કહિને, પડી આવી ખોટ ભારે;
જનને જનાવરો સહુ, રડે છે બે સુમારે. ૩
વહેલા મેઘ પધારો, વૃષ્ટિ અતિરી થાય સહુ;
નથી સંશય એમાં, કાળજે થાય કંઇ કંઇ. ૪
સ્મૃતિ અકી આવે, શોક તો ખુબ થાયે;
અધિક અધિક સાલે, મેઘ તું મન માંહે. ૫
અરરર અરરર આજે, દુઃખ પુરૂ તે દીધું;
ગરીબ ડુબ્યા દોરી, રત્નને તાણી લીધું. ૬
ધણુંક ધણુંક થાએ, દુઃસ્મરે આજ ચિત્તે;
ભડ ભડ ભડ જ્વાળા, બળે છે ભુંડી રીતે. ૭

દડ દડ દડ આંસુ, લોચનેથી વહેછે;
જ્યમ જ્યમ મન આવે, તેમ કેશવ કહેછે. ૬

છપ્પો.

મણીસમ વાડી બાઇ, જગતમાં પુરા જાહેર;
મણીસમ વાડી બાઇ, કાર્યે સકળમાં માહેર.
મણીસમ વાડી બાઇ, શબ્દ સહુ સત્ય ઉચ્ચારે;
મણીસમ વાડી બાઇ, આમરૂ મેળવતે બારે.
છે કરપટપુરના થાંભલા, તે અમર રહોદીલથી સહુ;
વળી ભુખે મરતા રંકને, અનાજ દીધાં છે બહુ.

છપ્પો

શીબા બાઇનાં પુત્ર વાડી બાઇ, કિર્તી ઝાઝી;
શીંબા બાઇના પુત્ર, વાડી બાઇ સહુને રાજી;
શીંબા બાઇના પુત્ર વાડી બાઇ, કણ બહુ દેછે;
વળી નામ પ્રમાણે ગુણથી, વાડી બાઇ વખાણીએ;
દેજો દીન ગરીબને, મન માંહી તે જાણીએ.

છપ્પો.

વાડી બાઇ બહાદુર, દયાળુ દીસે સારા;
વાડી બાઇ બહાદુર દીસે, અતિ રૂપાળા.
વાડી બાઈ બહાદુર, પીડા રંકોની ટાળે;

ખરો જવાહીર એક, તેજ તો એજ કપાળે.
વળી માણસની પરિક્ષા કરી, આદરમાન દેછે બહુ;
કેશવ કરજોડી કહે, ગરીબની સાહ્ય કરજો. સહુ.

દોહરો.

સૃષ્ટિ સહુ વૃષ્ટિ વિના, દુઃખ દરિયે ડુબાય;
માટે મેઘ કૃપા કરી, ગાય પૂન્યથી આપ.

ગરબી.

ગીરધારીરે વાત કહું તે વિચારો, મને મોહન આંખન મારો.—રાગ
દીન બંધુરે, દીન દયા ઉર ધારો; હરિ કહે દુનિયાનું દુઃખ નિવારો.
શિર ઉપરરે, આવી પડયો ભય ભારો; બચવાનો એકે ન આરો.

ઝુલ

સુઝે ઉપાય એક ન સારોરે,
થાકયા વિધ વિધ કરી ઉપાયોરે,
દુકાલમાં પાપી ન રાખે ઉધારોરે,

કરૂણા નિધીરે, બગડી બાજી સુધારો; હરિ કહે દુનિયાનું દુઃખ નિવારો.
આવી અડયોરે, દુકાળ નઠારો, બધાનેરે કરે છે મરવાનો આરો.
કર્યો નિર્મુળરે, કંઈ તણા ઘરબારો, ગયા રવડી લાક હજારો.

ઝુલ

ડુબ્યા કપડવંજમાં વેપારોરે,

પડયા સૌના મંદ વિચારોરે,
દીસે શોક ભર્યા સૌ લોકરે,
મુજ અરજરે, અંતર માંહી ઉતારો, હરિ કહે દુનિયાનું દુઃખ નિવારો.
દિન પ્રદિનરે, દુકાળનો થાય વધારો, આવી ખોલે છે કષ્ટનો બારો.
જન ઘરઘરરે, જોઈ કરે છે પોકારો, પ્રભુ સંકટ ટાળો ઇશારો.

ઝુલ

તું છે સૌ સરજનારોરે,
પ્રભુ એક ભરોસો તારોરે,
આ બગડી બાજી સૂધારોરે,
જગ કર્તારે શાંન્તિ કરી સૌ ઠારો, હરિ કહે દુનિયાનું દુઃખ નિવારો,
તારા કુદરતિરે, લાવે બધાનો વારો, દુકાળ પાપીનો પંથ જનારો.
દુકાળરે ઘેરઘેર વેઠે ઘસારો, હરિ કહે દુનિયાનું દુઃખ નિવારો.

ઝુલ

કરે ધાણીને ધુંમ ઘસારોરે,
વિના તોપ ચલાવેછે મારોરે,
પ્રભુ એને હઠાવી સંહારોરે,
હરિશ્ચંદ્રનીરે વિનંતી સ્વિકારો, હરિ કહે દુનિયાનું દુઃખ નિવારો.

કુંડળીઓ.૧.

મેઘરાજ તારા વિના, ભાગી સૌની હામ;
ગામ નગર ઝાંખા થયા, રવે રંક તમામ.

હવે રંક તમામ, અરે આને શું થાશે;
પડે બહુ પરી શ્રમ, દુઃખના દીસે જાશે.
કપડવંજમાં આજ, બલેરો થાત દિલાસો;
ભાગી સૌની હામ, આવ્યો ભાદરવો માસો.
કપડવણજના રાજીઓ, કલેકટર સાહેબ જાણું;
સેશન ન્યાય કરાયછે, કોહીનુરની ખાણ.
કોહીનુરની ખાણ, આવી પ્રજાના હાથે;
કપડવંજના શેઠ, વાડી ભાઇ તે સાથે.
વખાણે આખું વિશ્વ, સર્વનું સારું તાકયું;
વાડીભાઇ સાહેબ જાણું. જીવ અમૃત રાખ્યું.
ન્યાય તણા કરનારને, અરજ કરું જે આજ;
વચન પ્રમાણે વરતશો, રહેશે સહુની લાજ.
રહેશે સહુની લાજ, કાજ કંઈ કંઈ થાશે;
દેશો અદલ ન્યાય, પાસના સ્વર્ગે જાશે.
ત્યાગે પ્રજાને માટ, પરિશ્રમ લેજો ભાઇ;
અરજ કરેછે આજ, કેશવલાલ કવીતા ગાઇ.

### દોહરો.

મેઘ તાહરી ખોટથી, દીલગીર છે સહુ નાત;
અનુક્રમે લખીએ હવે, જુદી જુદી જાત.

## મનહરછંદ.

વ્હોરા, કછીઆ, સુતાર, લવારને ધોબી માળી,
દરજી, તંબોળી, કોળી, મેઘને સંભાળે છે;
સોની, મોચી, ભરડીઆને, ગવૈયા ગાણું ગાનારા.
વહિવંચા, સંઘાતાળા, જીવ બહુ બાળે છે. ૧
પંચોળીને, ભાવસાર કણબી, કડીઆ ઘાંચી,
વાણીઆ વિવિધ રીતે, પોતે મન વાળે છે;
બ્રાહ્મણને ભાટ લોક, થોક થોક શોક કરી,
મેઘરાય વિના નિજ, દેહને ધિક્કારે છે. ૨
કંદોઇને કણસારા, મરેઠાને મારવાડી,
રાવળને રબારી, સંભારે રૂડી રીતથી;
વિગેરે ઘણીક નાત, મેઘ તને યાદ કરે,
કારણ જણાય તેનું, પેટ કેરી પ્રીતથી. ૩
વળી ગામો ગામના, તમામ લોક યાદ કરે,
દિલગીરી મન ધરે, સહુ એક ચિતથી;
માટે આ અરજ સુણો, ચાલે નહિ મેઘ વિના,
શેવક કેશવ કહે, પધારોને હિતથી.

**દોહરા**—પ્રસરી દિલગીરી અતિ, ખાલી નહિ કો ઠામ;
સૃષ્ટિમાં દૃષ્ટિ તણી, સુનો ગામે ઠામ. ૧
કલકત્તા કાશી અને, કોટા કોલ્હાપુર;

મારવાડી લોક સહુ, દિલગીર થયા જરૂર.
મોર્વા શોકા તુર છે, ગોંડલ છે પણ તેમ;
કોપ કીધો તે કારમો, પ્રભુ કરે તું રહેમ. ૩
ભાવનગરને જુમલી, વિજાપુર વઢવાણ;
ડભોઇ જંબુસર અને, વડોદરૂં પણ જાણ. ૪
પાટણ પેથાપુર ભણી ચાલે ત્હારી વાત;
મેઘરાય રૂઠયા થકી, દિલગીર છે સહુ નાત. ૫
મહિસુર મદ્રાસમાં, ઢોરાં મરે અપાર;
ગોવાને મલબારમાં, બે રૂપીએ મણ જાર. ૬
નડીયાદ નાદોદને, નાગ પુર નાશીક;
ત્રંબક પંઢળ પુરમાં, કહે થયું નહિ ઠીક. ૮
કપડવંજને ગોધરા, લુણાવાડા નેર;
વાડાસીનોર ઠાસરા, આણંદને ઉમરેઠ. ૯
તેહ વિના ગામો ઘણાં, લખતાં નાવે પાર;
તુજ ગણાવ્યાં આજ મેં, સમજી લેજ્યો સાર. ૧૦
અનેક વાતે દુઃખ બહુ, છે સર્વે જાણ;
કેશવ કરજોડી કહે, પ્રભુ કરો નિર્વાણ. ૧૧

( રાહ ધીરાની )

ઉત્તમ ગુણ બાળીરે, મેઘ તનેજ છે સહુ;
ઉપકાર તેં તોરે, અમપર કીધા બહુ. ઉત્તમ—૧

ઋષિ કરીને અષિ જીવાડી, મનમાંહી રાખી મ્હેર;
મેઘ તું ક્રોધે કેમ ભરાણો, શું અમ દહાડો નહી ઘેર,
શાથી પ્રભુ રૂઠયોરે, અરજ આ કોને કહુ ઉત્તમ-૨
સહુ રાજાનો રાજા ગણાએ, તેનો તું કરને વિચાર,
વેદ પુરાણો વખાણે જળને, સહુનો તુ પાલણહાર,
મેઘરાય મોટોરે, બીજી ઉપમા શી દઉ, ઉત્તમ-૩
સુખનો સાગર મેઘ ગણાયે, આ દુનિયાની માંય;
સ્વર્ગ વિશે પણ મોટો તુછે , જયાં જયાં ત્હારી છાંય,
ત્યાં ત્યાં સહુ સુખીયારે, ગુણ ત્હારા શું શું ગઉ. ઉત્તમ-૪
ગરીબની તેમ ગાયો દયાથી, ક્રોધ છોડો મેઘરાય;
જળ વિણુ મીન સહુ મરવા લાગ્યાં, તાપે ત્રાહી ત્રાહી થાય;
તેની વારે ચઢજયોરે, રૂએ પ્રાણી માત્ર સહુ. ઉત્તમ-૫
રાજા રજવાડે ચુડીઓ પહેરી, ત્હારે માટે મેઘ?
તોય તું મનથી ક્રોધ ન છાંડે, ધન્યછે ત્હારી ટેક;
દાસ કેશવ કેછે રે, મેઘ વારે વારે ચહુ. ઉત્તમ-૬

( રાગ પરજ )

અરેરે આ દુઃખ એવું રે, જોયું નથી બીજું એ જેવું.
ઘાસ વિના સહુ ગાયો ઝુરે, થાય ઘણી હેરાન;
ભુખના દુઃખથી પાડે બરાડા, ત્રાહિ ત્રાહિ ભગવાન; અરેરે૦
આકાશ સહુ ઉઘાડો જોઇએ, નદીઓનાં ખુટયાં નિર;

કેનું કઠણ હોય કાળજું એવું જે, ધારી શકે અહીં ધીર. અરેરે॰
વનચર જળચર રોવાને લાગ્યાં, ઝુરવા લાગ્યાં ઝાડ,
ગરીબ આંખથી આંસુ પડે આગે, ડોલવા લાગ્યા પહાડ. અરેરે॰
વેહેપારીને અમીરાઇ પેઠી, જાણે નહિ આવે મેઘ;
કોઠો કરીને ભાવ વધાર્યો, ત્રણ દીવસમાં છેક. અરેરે
ગુજરાત માંહિ ખોટ પડી ભારી, તેનો તું કરને કયાસ
મેઘ તું વિના લાખ ઉડે આગે, કરતાતા આત ઉલ્લાસ. અરેરે
જ્યાં જ્યાં જઇને ઉભા રહું ત્યાં જગીઆ ખાતા થાય,
મન માંહી બહુ શોક કરું ત્યારે, કંપે મારી કાય. અરેરે
સ્વપ્નામાં પણ કોઇને ન પડશો, ભૂખનું દુઃખ લગાર;
મ્હેર કરો તમે મેઘજી આવી, નમીએ સો સો વાર. અરેરે
ગુણિયલ શાણા રાજા વિવેકી, નેકી ટેકી મેઘરાય;
દાસ કેશવની અરજ સુણીને, મેવલા વહેલો આવ્ય અરેરે

સમાપ્ત

# જાહેર ખબર.

આ વરસાદ વિલાપ નામનું પુસ્તક નીચે લખેલે ઠેકાણેથી રોકડી કીંમતે, મળશે. તથા અમારા તરફથી કેટલાંક રમુજી પુસ્તક બહાર પાડવાનાં છે. માટે ગ્રાહક થઈ નામ નોંધાવશો.

શાહ કેશવલાલ મોતીચંદ ઠે. [illegible]. નારણદેવના.

શેઠ હરિલાલ અમૃતલાલ ઠે. [illegible] શેઠવાડામાં.

---